સુરત મહાનગરપાલિકા

પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકાની સામાન્ય સભામાં આજરોજ નીચે મુજબના બે મહત્વના નિર્ણયો લેવામાં આવ્યા

--------

*સુરત મહાનગરપાલિકાની સેન્ટ્રલ ઝોન ખાતે આવેલ મુખ્ય વહીવટી કચેરીના બિલ્ડીંગની આસપાસનો વિસ્તાર, જે "મુગલીસરા' નામે પ્રચલિત છે તે સમગ્ર વિસ્તારને, તાપી નદીની પવિત્રતા અને મહિમા વર્ણવતા સુરત મહાનગરપાલિકા ધ્વારા પૌરાણીક ગ્રંથ "શ્રી તાપી મહાપુરાણ" નું સંજ્ઞાન લઈ, "શ્રી તાપી પુરા"નામાધિકરણ કરવામાં આવેલ છે*

-----------

*સુરત શહેરના સેન્ટ્રલ ઝોન ખાતે આવેલ અને પવિત્ર તાપી નદીના તટે સ્થિત, સુરત મહાનગર સેવાસદન તરીકે પ્રચલિત, સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનની મુખ્ય વહીવટી કચેરી(હેડ કર્વાટર)ની બિલ્ડીંગને આજરોજ "શ્રી તાપી ભવન"નામાધિકરણ કરવામાં આવેલ છે.*

----------

સુરતની તાપી નદી એ મધ્ય ભારતની એક મહત્વની નદી છે અને તેના દક્ષિણ તટ પર સુરત(સૂર્યપુર) શહેર વસેલું છે. પૌરાણિક માન્યતાના આધારે તાપી નદીને સૂર્યપુત્રી અને શનિદેવની બહેન તરીકે ઓળખાય છે જયારે સમગ્ર શહેરીજનો માટે તાપી નદી એ 'શ્રી તાપી માતા(નદી)" સમાન છે. સુરત શહેરની જાહોજલાલી મુગલોના સમય પહેલાથી આ તાપી નદીને જ આભારી છે. શહેરના લોકો માટે પીવાના પાણી થી શરૂઆત કરી શહેરના ઉદ્યોગો ક્ષેત્રનો વિકાસ તાપી નદીને આભારી છે. આ તાપી નદીના તટે અને હાલમાં સુરત શહેરના સેન્ટ્રલ ઝોન ખાતે આવેલ અને સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનની મુખ્ય વહીવટી કચેરીના બિલ્ડીંગની આસપાસનો વિસ્તાર "મુગલીસરા" નામેથી પરંપરાગત રીતે પ્રચલિત છે. મુગલ સત્તાના પતન પછી સુરત શહેરની સત્તા ડચ ફ્રેન્ચો, પોર્ટુગીઝો અને બ્રિટીશરોના બાદ, દેશ આઝાદ થયેથી સત્તા પરિવર્તન હેઠળ, ભારત સરકારના તાબા હેઠળ આવેલ છે. સને ૧૮૫૨ માં સુધરાઈની પ્રથમ સભા મળેલ અને સને ૧૯૦૧ નો ”સુધરાઈનો નવો કાયદો અમલમાં આવેલ ત્યારબાદ સને ૧૯૪૬ માં સુધરાઈની પુનઃસ્થાપના કરવામાં આવેલ અંતે સને ૧૯૬૬ માં સુધરાઈનું મહાનગરપાલિકામાં રૂપાંતર થયેલ છે. અંગ્રેજોએ ભારત છોડયા પછી સ્વતંત્ર ભારતમાં જે તે શહેરો, મિલ્કતો, રસ્તા વિગેરેના નામ બદલવાની શરૂઆત થયેલ થઈ હતી. જે આજે પણ ચાલુ છે. ઉપરોકત હકીકતો હેઠળ, સૂર્યપુત્રી 'શ્રી તાપી માતા(નદી) ની અખંડ સ્મૃતિ સમગ્ર દેશમાં સદૈવ બની રહે સાથોસાથ સુરત શહેરના મુળ સુરતીઓનું વૈભવશાળી ગૌરવ જળવાઈ રહે તે અર્થે સુરત શહેરના રસ્તાઓ, મહોલ્લા, ગલીઓ, ચોક, બાગબગીચા, ટ્રાફીક આઈલેન્ડ, જાહેર સ્થળો વિગેરેના નામાભિધાન કરવાની સુરત

મહાનગરપાલિકાની સત્તા હેઠળ,*સુરત મહાનગરપાલિકાની સેન્ટ્રલ ઝોન ખાતે આવેલ મુખ્ય વહીવટી કચેરીના બિલ્ડીંગની આસપાસનો વિસ્તાર, જે "મુગલીસરા' નામે પ્રચલિત છે તે સમગ્ર વિસ્તારને, તાપી નદીની પવિત્રતા અને મહિમા વર્ણવતા સુરત મહાનગરપાલિકા ધ્વારા પૌરાણીક ગ્રંથ"શ્રી તાપી મહાપુરાણ" નું સંજ્ઞાન લઈ,"શ્રી તાપી પુરા" નામાધિકરણ કરવામાં આવેલ છે

.* સૂર્યપુર(સુરત શહેર)નો ઐતિહાસિક વારસો ખુબજ સમૃધ્ધ છે. ઐતિહાસિક સંશોધનોને આધારે જાણવા મળ્યું છે કે, શ્રી કૃષ્ણ પણ સુરતની ભૂમિ પર આવ્યા હતા. આ સુરતની ભૂમિ એટલી પવિત્ર ગણાય છે કે, મહાભારત કાળમાં કુંતીપુત્ર મહારથી કર્ણનો અંતિમ સંસ્કાર અહીંજ શ્રી કૃષ્ણ હસ્તે થયેલ છે. તાપી નદીકાંઠે સ્થિત ૧૬મી–૧૭મી સદીમાં "૮૪ બંદર" તરીકે જાણીતું સૂર્યપુર(સુરત) શહેર રેશમી કાપડ(સિલ્ક), જરીઉદ્યોગ તેમજ જહાજ નિર્માણ માટે વિશ્વપ્રસિધ્ધ હતું. શહેરની શાખ વિશ્વભરમાં પ્રસરેલ હતી. જેથી વિદેશી પ્રજાઓ પોતાનો વ્યપાર વિકસાવવા અહીં આવવા લાગ્યા હતા. તાપી નદીએથી ચીન, ઈન્ડોનેશીયા અને યુરોપ જેવા દેશોમાં વ્યપાર થતો હતો. ઈસ્ટ ઈન્ડીયા કંપનીનું જહાજ "હેકટર' પણ સુરત બંદરે તાપી નદીએ આવેલું અને અંગ્રેજોએ અહીં દેશમાં પ્રથમ વેપારી કોઠી સ્થાપેલી હતી. જેથી સુરત શહેરને 'સોનાની મુરત" તરીકેની એક આગવી ઓળખ ઉભી થયેલ છે. આમ, તાપીનદી ના માધ્યમેથી વિવિધ દરીયાઈ વ્યપાર ધ્વારા સુરતને ખુબજ સમૃધ્ધિ મળેલી હતી.ઉપરોકત હકીકતો હેઠળ, સૂર્યપુત્રી "શ્રી તાપી માતા(નદી)" ની અખંડ સ્મૃતિ સદૈવ બની રહે અનેશહેરનું વૈભવશાળી ગૌરવ જળવાઈ રહે તે અર્થે સુરત શહેરના રસ્તાઓ, મહોલ્લા, ગલીઓ, ચોંક, બાગબગીચા, ટ્રાફીક આઈલેન્ડ, જાહેર સ્થળો વિગેરેના નામાભિધાન કરવાની સુરત મહાનગરપાલિકાની સત્તા હેઠળ, હાલમાં *સુરત શહેરના સેન્ટ્રલ ઝોન ખાતે આવેલ અને પવિત્ર તાપી નદીના તટે સ્થિત, સુરત મહાનગર સેવાસદન તરીકે પ્રચલિત, સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનની મુખ્ય વહીવટી કચેરી(હેડ કર્વાટર)ની બિલ્ડીંગને આજરોજ "શ્રી તાપી ભવન"નામાધિકરણ કરવામાં આવેલ છે.*

જનસંપર્ક વિભાગ

સુરત મહાનગરપાલિકા તરફથી સાદર

સમાચાર યાદી..619 તા. 10/03/2026


શ્રી તાપી ભવન


શ્રી તાપી ભવન


सूरत
महानगर सेवा सदन
શ્રી તાપી ભવન